### સહકારી બેંકોના ફેડરેશનોએ

# સહકારીબેંકોનીઆવકપરનીઆવકવેરાની કપાત રદ કરવા કેન્દ્ર પર દબાણ વધારાયું

**■ બિહાર, બંગાળ, યુ.પી. કર્ણાટક જેવા રાજ્યોમાં આગામી વર્ષોમાં યોજાનારી ચૂંટણી અને ગુજરાતમાં ચાલુ વર્ષે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને ધ્યાને રાખી સહકારી બેંકોને લાગુ ઇન્કમટેક્ષ ડિડકશન પરત લેવા જેટલી અમિતશાહને રજૂઆત કરાઇ**

સુરત, રવિવાર : ૨૦૦૬માં કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુ.પી.એ. સરકાર દ્વારા સહકારી બેંકોની આવક પર લાગુ ૩૩.૯ ટકા આવકવેરો નાબૂદ કરવા બેંકોના પ્રદેશ અને પ્રાંતોના ફેડરેશનોએ કેન્દ્ર સરકાર પર દબાણ આણ્યું છે.

બેંકોના રાષ્ટ્રીય સંગઠન નાફકબ, ટાફકબ પછી ગુજરાત સહકારી બેંક ફેડરેશને નાણામંત્રી અરુણ જેટલી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને રજૂઆત કરી સહકારી બેંકોને લાગુ ૩૩.૯ ટકા આવકવેરો દૂર કરવા તથા ૨૦૧૨ની ચૂંટણી અને ભાજપે ચૂંટણી ઢંઢેરામાં ૮૦-પી.ની કલમનું ડીડકશન હટાવી લેવાના આપેલા વચનનુ પાલન કરવા વિનંતી કરી છે ફેડરેશને ભાજપ અધ્યક્ષ અમિત શાહને કરેલી રજૂઆતમાં જણાવ્યુ હતુ કે સહકારી બેંકો રણુંજ, હારીજ, જંબુસર, ભાદરણ, લાઠી, લાખવડ જેવાનાના સેન્ટરોમાં કામ કરે છે નાના સેન્ટરમાં નાની બેંકો મધ્યમવર્ગ અને નબળા વર્ગના નાના ફંડથી આર્થિક પાવરહાઉસ જેવુ કામ કરી રહી છે દેશની ૧૬૦૦ જેટલી સહકારી બેંકો ખાનગી અને મોટી બેંકો સાથે હરીફાઇ કરી રહી છે. ગુજરાતની ૨૨૬ જેટલી શહેરી સહકારી બેંકો અને ૧૮ ડિસ્ટ્રીક્ટ બેંકોને ૨૦૦૬ અગાઉ આવકવેરા ધારાની કલમ ૮૦-પી નીચે ડિડકશન મળતુ હતુ. તેને લીધે નાની નાની બેંકોને ઇન્કમટેક્ષ લાગતો નહોતો. ૨૦૦૬માં કોંગ્રેસ સરકારના નાણામંત્રી પી. ચિદમ્બરમે ડિડકશન પરત ખેંચી લેતા નાની સહકારી બેંકો, ખેત ધિરાણ કરતી ડિસ્ટ્રીક્ટ બેંકો તમામને આવકવેરો લાગુ કરી દેવાયો હતો.

સ્ટેટ અર્બન બેંક ફેડરેશનના સી.ઇ.ઓ. આર.એન જોષીએ કહ્યુ હતુ કે આવકવેરો ૩૩.૭ ટકા હોવાથી બેન્કોના ભવિષ્યના ડેવલપમેન્ટ માટે નફો રહેતો નથી નફાના અભાવે રિઝર્વ વધતા સહકારી બેંકોનો વિકાસ રુંધાઇ રહ્યો છે શેરહોલ્ડરો-સભાસદોને પણ તેનો વધુ લાભ આપી શકતો નથી રાજ્ય અને કેન્દ્રમાં ભાજપને સત્તા સ્થાને લાવવામાં સહકારી ક્ષેત્રોએ મોટુ યોગદાન આપ્યુ છે.

સહકારી બેંકોની સમસ્યાથી એન.ડી.એ. સરકારની ટોચની નેતાગીરી વાકેફ છે તે જોતા ઇન્કમ ટેક્ષ ડિડકશન પરત લેવુ જોઇએ.

સાઉથ ગુજરાત અર્બન કો.ઓપરેટીવ બેંક ફેડરેશન (સ્કોબા)ના પ્રમુખ મુકેશ ગજ્જરે પોતાની પ્રતિક્રિયામાં જણાવ્યું હતુ કે 'રાષ્ટ્રીયકૃત બેંકોની સરખામણીએ સહકારી બેંકો સારો દેખાવ કરી રહી છે. સહકારી બેંકોને આવક પર લાગુ ૩૩.૯ ટકા જેટલી આવકવેરાની કપાત પાછી ખેંચી લેવામાં આવે તો નાની અને મધ્યમ હરોળની સહકારી વધુ સારા ઇન્ફ્રાસ્ટ્રકચર સાથે ડેવલપમેન્ટનું કામ કરી શકે. સહકારી બેંકોના રાષ્ટ્રીય અને પ્રદેશ સંગઠનોએ આ મામલે કેન્દ્રમાં રજૂઆત કરી છે.'

કો. ઓપરેટીવ બેન્કિંગ ક્ષેત્રના નિષ્ણાંતોનો મત છે કે બિહાર, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, પશ્ચિમબંગાળ જેવા રાજ્યોમાં ચાલુવર્ષે અને આગામી વર્ષે ચૂંટણીઓ યોજાવાની છે. ગુજરાતમાં મહાનગર પાલિકાઓ અને જિલ્લા પંચાયતોની ચૂંટણીને જોતા કેન્દ્ર સરકાર સહકારી બેંકોની આવક પરની ૩૩.૯ ટકાની કપાત પરત લે તેવી શક્યતા છે.